### દૂધ-શાકભાજી બાદ હવે ખાવાનું તેલ પણ મોંઘુ થયું

# સીંગતેલ અને કપાસિયાના તેલમાં ૧૦ રૂપિયા વધારો

## દર વર્ષે સાતમ આઠમના તહેવાર પહેલા તેલના ભાવો ભડકે બળે છે, આ વર્ષે પણ આવુ જ થયું

રાજકોટ,તા.૧૯

રાજકોટ સહિત સૌરાષ્ટ્રમા સાતમ આઠમના તહેવારો નજીક આવતાની સાથે જ સિંગતેલના ભાવમાં ફરી વધારો થયો છે. દર વર્ષે સાતમ આઠમના તહેવાર પહેલા તેલના ભાવો ભડકે બળે છે. આ વર્ષે પણ આવુ જ થયું. સિંગતેલ, કપાસિયા તેલ, પામોલિન તેલના ભાવમાં ફરી એકવાર વધારો થયો છે. ફરી સિંગતેલના ડબ્બો ૨૮૦૦ ની સપાટીએ પહોંચ્યો છે. સિંગતેલના ભાવમાં ડબ્બે રૂપિયા ૧૦ નો ભાવ વધારો નોંધાયો છે. આ ભાવ વધારાથી સિંગતેલનો ડબ્બો ૨૮૧૦ રૂપિયા પહોંચ્યો છે. કપાસિયા તેલમાં પણ ૧૦ રૂપિયાના વધારા સાથે ડબ્બાનો ભાવ ૨૫૧૦ થયો છે. પારીઓના જણાવ્યા અનુસાર સીંગતેલમાં હજુ ભાવ વધવાની શકયતા પૂરેપૂરી છે. સીંગતેલના ભાવમાં વધારો આવશે તો એની અસર કપાસિયા અને સાઈડ તેલમાં પણ જોવા મળશે. સીંગતેલમાં સતત ભાવ વધારો થવાને કારણે હાલ સીઝનમાં લોકોને મોંઘા ભાવનું તેલ ખરીદવું પડી રહ્યું છે. મહત્વનું છે કે, ખાદ્યતેલ મોંઘા થવા સાથે બજારૂ ફરસાણ, ખાદ્યચીજોમાં ભેળસેળ કે વાસી દાઝ્યુ તેલ વાપરવાનું જોખમ પણ વધ્યું છે. ખાદ્યતેલોમાં ભાવવધારાના કારણે ગૃહિણીઓના બજેટ ખોરવાઈ ગયા છે. ઈન્ડોનેશિયાથી મોટા પ્રમાણમાં પામતેલની આયાતને લઈને પામતેલનો ડબ્બો ૧૯૨૦ રૂપિયાએ પહોંચ્યો છે. જોકે, માત્ર પામોલિન તેલના ભાવમાં જ ઘટાડો જોવા મળી રહ્યો છે. છેલ્લા ત્રણ મહિનામાં પામતેલના ભાવમાં ૫૦૦ થી ૬૦૦ રૂપિયાનું ઘટાડો થયો છે.

### એપોઈન્ટમેન્ટ માટે ૨૦ દિવસની જોવી પડશે રાહ

# પાસપોર્ટ એપ્લિકેશનની સંખ્યામાં જબરદસ્ત વધારો જોવા મળ્યો

### અમદાવાદના અરજદારોએ અપોઈન્ટમેન્ટ માટે ૨૦ દિવસ જ્યારે વડોદરાના અરજદારોએ ૧૫ દિવસ રાહ જોવી પડશે

અમદાવાદ,તા.૧૯

રાજ્યભરના PSK અરજીઓના ધસારા સાથે કામ કરી રહ્યા છે, જે એપોઈન્ટમેન્ટ મેળવવા ઈચ્છતા લોકો માટે વધારે રાહ જોવાનું સૂચવે છે. બે દિવસની સામાન્ય રાહ જોવાના સમયની સામે, અમદાવાદના અરજદારોએ અપોઈન્ટમેન્ટ માટે ૨૦ દિવસ જયારે વડોદરાના અરજદારોએ ઓછામાં ઓછા ૧૫ દિવસ રાહ જોવી પડશે. અમદાવાદના પાસપોર્ટ સેવા કેન્દ્રમાં, આગામી તત્કાલ પાસપોર્ટ માટે આગામી ઉપલબ્ધ અપોઈન્ટમેન્ટ (સોમવારે સાંજે ૪ કલાકે છેલ્લે કરવામાં આવેલી તપાસ પ્રમાણે) ૮મી ઓગસ્ટના રોજ છે. વરેન મિશ્રા, રિજનલ પાસપોર્ટ અધિકારીએ જણાવ્યું હતું કે, સામાન્ય રીતે તેમને મહિનામાં મળતી ૪૦ હજાર અરજીઓની સામે, આ વર્ષના જાન્યુઆરીથી સરેરાશ ૫૫ હજાર અરજીઓ મેળવી રહ્યા છે.

કોવિડ નિયંત્રણો હળવા કરાતાં, છેલ્લા કેટલાક મહિનામાં વિદેશ જતાં વિદ્યાર્થીઓ અને પ્રવાસીઓની સંખ્યામાં વધારો થયો છે. પ્રક્રિયા સરળ અને ઝડપી બને તેની ખાતરી કરવા માટે, આસિસ્ટન્ટ પાસપોર્ટ અધિકારીઓને પણ અરજીઓ ક્લિયર કરવા માટે પણ અધિકૃત કરવામાં આવ્યા છે. અમદાવાદની રિજનલ પાસપોર્ટ ઓફિસના સૂત્રોએ જણાવ્યું હતું કે, ભારે ધસારો હોવા છતાં, રાજ્યની પાસપોર્ટ ઓફિસ દિવસમાં ઓછામાં ઓછી ૭૫૦ એપ્લિકેશન હેન્ડલ કરે છે. ત્યારબાદ, RPOએ સમગ્ર દેશમાં એક દિવસમાં ઈશ્યૂ કરાયેલી અપોઈન્ટમેન્ટની સંખ્યા ઘટાડવાનો નિર્ણય લીધો હતો', તેમ સૂત્રોએ કહ્યું હતું. હાલના સ્ટાફ પર કામનો બોજો વધ્યો છે. 'ભરતીઓ હજી કરવાની બાકી હોવાથી, અમદાવાદની ઓફિસ સ્ટાફની ૪૦% અછતનો સામનો કરી રહી છે', તેમ સૂત્રોએ ઉમેર્યું હતું. વડોદરાના ટ્રાવેલ અને વિઝા એજન્ટ મનિષ કુરિલે જણાવ્યું હતું કે, 'નવા કે અપડેટેડ પાસપોર્ટ મેળવવા માગતા લોકોને બે અઠવાડિયા અથવા તેથી વધુ સમય બાદની જ અપોઈન્ટમેન્ટ મળી રહી છે. તત્કાલ અરજારો પાસે પણ રાહ જોવા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી'.

### ફોર્બ્સ મેગેઝિને ધનાઢ્ય લોકોની નવી યાદી બહાર પાડી

# વર્ષમાં ગૌતમ અદાણીની સંપત્તિ ડબલ: વિશ્વના ચોથા સૌથી ધનિક

### મુકેશ અંબાણી યાદીમાં ૧૦ ક્રમે, મસ્ક સૌથી ધનિક વ્યક્તિ તરીકે ટોચ ઉપર અને ૨૩૦ અબજ ડોલરની સંપત્તિ ધરાવે છે

અમદાવાદ, તા.૧૯

ફોર્બ્સ મેગેઝિને દુનિયાના સૌથી ધનાઢ્ય લોકોની નવી યાદી બહાર પાડી છે, જેમાં અદાણી જૂથના ચેરમેન ગૌતમ અદાણી ચોથા ક્રમે આવ્યા છે. છેલ્લા એક વર્ષની અંદર અદાણીની સંપત્તિ ડબલ થઈ છે. તેઓ પહેલેથી એશિયાના સૌથી ધનાઢ્ય ઉદ્યોગપતિ છે. ગૌતમ અદાણીએ ફોર્બ્સ વર્લ્ડ્સ રિચેસ્ટ લિસ્ટમાં માઈક્રોસોફ્ટના સ્થાપક બિલ ગેટ્સને પાછળ રાખી દીધા છે. બિલ ગેટ્સે બિનનફાકીય સંસ્થાઓને ૨૦ અબજ ડોલરનું દાન આપ્યા પછી તેમની સંપત્તિ ઘટી છે અને તેઓ પાંચમા ક્રમે પહોંચી ગયા છે. ગૌતમ અદાણીની સરખામણીમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના મુકેશ અંબાણી પણ ઘણા પાછળ રહી ગયા છે.

બિલ ગેટ્સની સંપત્તિ ૧૦૨ અબજ ડોલર હોવાનું માનવામાં આવે છે, જ્યારે ગૌતમ અદાણી પાસે ૧૧૪ અબજ ડોલરની સંપત્તિ છે તેમ ફોર્બ્સ જણાવે છે. આ લિસ્ટ રિયલ ટાઈમ ડેટ પર આધારિત છે તેથી તેમાં ઝડપથી ફેરફાર થાય છે. બિલ ગેટ્સે ગયા અઠવાડિયે જણાવ્યું હતું



કે બિલ એન્ડ મેલિન્ડા ગેટ્સ ફાઉન્ડેશન મારફત તેઓ સમાજસેવાનું કામ ઝડપથી આગળ વધારવા માંગે છે અને તેના માટે ૨૦ અબજ ડોલરનું દાન આપ્યું છે.

ફોર્બ્સની યાદીમાં ઈલોન મસ્ક સૌથી ધનિક વ્યક્તિ તરીકે ટોચ પર છે અને ૨૩૦ અબજ ડોલરની સંપત્તિ ધરાવે છે. ત્યાર પછીના માલિક બર્નાર્ડ એર્નોલ્ટ બીજા ક્રમે છે જયારે એમેઝોનના સ્થાપક જેફ બેઝોસ ત્રીજા સ્થાન પર છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન અને એક સમયે ગૌતમ અદાણી કરતા સંપત્તિમાં ઘણા આગળ રહેલા મુકેશ અંબાણી આ યાદીમાં છેક ૧૦મા સ્થાન પર છે. મુકેશ અંબાણી પાસે ૮૮ અબજ ડોલરની સંપત્તિ હોવાનો અંદાજ છે. ચાલુ વર્ષે ફેબ્રુઆરીમાં ગૌતમ અદાણીએ સંપત્તિમાં મુકેશ અંબાણીને પાછળ રાખી દીધા હતા અને સૌથી ટૂંકા ગાળામાં પોતાની સંપત્તિ ડબલ કરવાની સફળતા મેળવી હતી.

ગૌતમ અદાણીએ ૨૦૨૧માં જે વેલ્થ નોંધાવી હતી તેની સરખામણીમાં અત્યારે તેમની સંપત્તિ બમણી છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રમાં અદાણીએ અભૂતપૂર્વ સિદ્ધિઓ મેળવી છે અને હવે તેઓ પાવર, ગ્રીન એનર્જી, ગેસ, પોર્ટ સહિતના સેક્ટરમાં હાજરી ધરાવે છે.

તેઓ વિશ્વમાં સૌથી મોટી ગ્રીન એનર્જી ઉત્પાદક કંપની બનવા માંગે છે જેના માટે તેઓ ૭૦ અબજ ડોલરનું રોકાણ કરશે.

## સહકારી નેતા શ્રી દિલીપ સંઘાણીની કેન્દ્ર સરકાર રચિત MSP સમિતિમાં ખેડૂત સમૂહના પ્રતિનિધિ તરીકે નિમણુક

ગાંધીનગર, તા.૧૯



કેન્દ્ર સરકારના કૃષિ અને કિસાન કલ્યાણ મંત્રાલય દ્વારા પાડેલ અધિસુચના દ્વારા જાહેર કરેલ MSP સમિતિમાં ખેડૂત સમૂહના પ્રતિનિધિ તરીકે ઈફકોના ચેરમેન તેમજ રાજ્યના પૂર્વ કૃષિ મંત્રી દિલીપ સંઘાણીની નિમણૂક કરવામાં આવી છે. કેન્દ્ર સરકારે ત્રણ કૃષિ કાયદા રદ કર્યા બાદ ખેડૂત સંગઠનોની માંગણીઓ પર ધ્યાન આપવા માટે પેનલની રચના કરવાનું વચન આપ્યા મુજબ કેન્દ્ર સરકારે પૂર્વ કૃષિ સચિવ સંજય અગ્રવાલની અધ્યક્ષતામાં આ સમિતિની રચના કરી છે. આ સમિતિ કૃષિ ક્ષેત્રમાંસુધારા લાવવા, દેશભરના ખેડૂતોને લઘુત્તમ ટેકાના ભાવ (MSP) ઉપલબ્ધ કરાવવા તેમજ ઓર્ગેનિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે સરકારને જરૂરી સૂચનો કરશે.

## આગામી ૧૩ થી ૧૫ ઓગસ્ટ દરમિયાન હર ઘર તિરંગા રાષ્ટ્રવ્યાપી અભિયાન

પ્રવકતા મંત્રી જીતુભાઈ વાઘાણીએ હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત રાજયની તૈયારીઓ અંગે કેબિનેટ બેઠકમાં થયેલી ચર્ચાની વિસ્તૃત માહિતી આપતા કહ્યુ કે,પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ સ્વતંત્રતાના અમૃત મહોત્સવને નવી રીતે ઉજવવાનો સંકલ્પ કર્યો છે. 'હર ઘર તિરંગા' એ દેશના દરેક નાગરિકના હૃદય અને દિમાગમાં દેશભક્તિની ભાવનાને ઉચ્ચ સ્તરે લઈ જવાનો કાર્યક્રમ છે. કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત 'હર ઘર તિરંગા' અભિયાન અંગે વિડિયો કોન્ફરન્સિંગનુ આયોજન કર્યુ હતુ જેમા રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સહભાગી થયા હતા. ગુજરાતમાં હર ઘર તિરંગા કાર્યક્રમ અંતર્ગત ગ્રામીણ વિસ્તારમાં ૫૦ લાખ ઘર અને શહેરી વિસ્તારમાં ૫૦ લાખ ઘર એમ કુલ મળીને ૧ કરોડ થી વધુ ઘરો ઉપર રાષ્ટ્રધ્વજ-તિરંગો લહેરાવવાના નિર્ધાર સાથે વ્યાપક આયોજન કર્યું છે. ગુજરાતમાં સ્કૂલ, કોલેજ, સરકારી કચેરી, ઉદ્યોગો, સહકારી સંસ્થાનો સહિતના સાર્વજનિક સ્થળો પર અઢી લાખની સંખ્યામાં રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવશે.



ગાંધીનગરમાં નીલગાયની વસ્તી સવિશેષ છે. ઉનાળામાં શહેરની આસપાસના જંગલ વિસ્તારમાં ખોરાક ઓછો થઈ જતાં નીલગાય રહેણાંક વિસ્તારમાં આવી ચઢે છે. જો કે હવે વરસાદ વરસ્યો છે અને અવનવી જાતભાતની વનસ્પતિ અહીં ઉગી નીકળી છે ત્યારે નીલગાયને જાણે જલ્સો થઈ ગયો છે. જંગલ વિસ્તારમાં તેમને પુરતુ ભોજન મળી રહેતા નીલગાય હમણાં શહેરી વિસ્તારમાં ઓછી જોવા મળે છે.

### અમદાવાદ કોર્પોરેશનમાં સૌથી વધુ ૩૦૮ કેસ

# રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૭૮૭ કેસ નોંધાયા

### રાજ્યમાં હાલ ૪૮૯૬ એક્ટિવ કેસ છે : પાંચ દર્દી વેન્ટિલેટર ઉપર

ગાંધીનગર, તા.૧૯

રાજ્યમાં આજે કોરોના કેસમાં બે દિવસના ઘટાડા બાદ આજે ફરી કેસમાં વધારો થયો છે. હાલ પણ રાજ્યમાં કોરોનાના કેસ ૭૦૦ થી વધુ આવી રહ્યા છે. સાવચેતી નહીં રાખો તો હજુ આ અંકડો વધી પણ શકે છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૭૮૭ કેસ નોંધાયા છે. જ્યારે કોરોના સંક્રમણથી ૬૫૯ દર્દીઓ સાજા થયા છે. ત્યારે રહાતની વાત એ છે કે રાજ્યમાં કોરોનાથી આજે એકપણ દર્દીનું મોત થયું નથી. આ સાથે કોરોનાનો રિકવરી રેટ ઘટીને ૯૮.૭૩ ટકા થઈ ગયો છે.

રાજ્યમાં હાલ કુલ દર્દીઓની વિગતો જોઈએ તો રાજ્યમાં હાલ ૪૮૯૬ એક્ટિવ કેસ છે. જેમાંથી ૦૫ દર્દી વેન્ટિલેટર પર છે. જ્યારે ૪૮૯૧ દર્દીઓ સ્ટેબલ છે. રાજ્યમાં કોરોનાને અત્યાર સુધીમાં કુલ ૧૨,૨૮,૨૬૪ દર્દીઓ મ્હાત આપી ચુક્યાં છે. જ્યારે રાજ્યમાં કોરોના વાયરસને કારણે કુલ ૧૦,૯૫૪ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. જોકે, જિલ્લા અને કોર્પોરેશન મુજબ કોરોના કેસની વાત કરવામાં આવે તો અમદાવાદ કોર્પોરેશનમાં સૌથી વધુ ૩૦૮ કેસ સામે આવ્યા છે. સુરત કોર્પોરેશનમાં ૫૭, વડોદરા કોર્પોરેશનમાં ૪૪, રાજકોટ કોર્પોરેશન ૩૯, ગાંધીનગર કોર્પોરેશનમાં ૨૫, ભાવનગર કોર્પોરેશનમાં ૨૨, જામનગર કોર્પોરેશનમાં ૧૯ અને જૂનાગઢ કોર્પોરેશનમાં ૧ કેસ નોંધાયો છે. જ્યારે મહેસાણામાં ૫૫, સુરતમાં ૨૮, ભરૂચમાં ૨૧, વડોદરામાં ૨૧, ગાંધીનગરમાં ૧૭, કચ્છમાં ૧૬, પાટણમાં ૧૬, રાજકોટમાં ૧૪, વલસાડમાં ૧૨, મોરબીમાં ૧૦, નવસારીમાં ૧૦, આણંદમાં ૯, અમદાવાદમાં ૭, અમરેલીમાં ૬, ખેડામાં ૫, સુરેન્દ્રનગરમાં ૫, બનાસકાંઠામાં ૪, અરવલ્લીમાં ૩, પોરબંદરમાં ૩, ભાવનગરમાં ૨, જામનગરમાં ૨, સાબરકાંઠામાં ૨, તાપીમાં ૨, દાહોદમાં ૧ અને મહીસાગરમાં ૧ કેસ નોંધાયો છે.

અમદાવાદ કોર્પોરેશનમાં સૌથી વધુ ૨૪૫ દર્દી સાજા થયા છે. સુરત કોર્પોરેશનમાં ૬૭, વડોદરા કોર્પોરેશનમાં ૩૧, રાજકોટ કોર્પોરેશન ૭, ગાંધીનગર કોર્પોરેશનમાં ૨૦, ભાવનગર કોર્પોરેશનમાં ૪૮ અને જામનગર કોર્પોરેશનમાં ૯ દર્દીઓ સાજા થયા છે. જ્યારે મહેસાણામાં ૬૩, સુરતમાં ૧૨, ભરૂચમાં ૧૧, વડોદરામાં ૬, ગાંધીનગરમાં ૫, કચ્છમાં ૧૭, પાટણમાં ૨૭, રાજકોટમાં ૬, વલસાડમાં ૧૧, મોરબીમાં ૧, નવસારીમાં ૧૦, આણંદમાં ૧૧, અમદાવાદમાં ૭,

## વરસાદ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ભીંજારા વચ્ચે ચોમાસાનો નઝારો નિખરેલો જોવા મળે છે. જયારે વરસાદી વાદળો વચ્ચે પણ સતત ઉકળાટનુ પ્રમાણ યથાવત જોવા મળે છે. શહેરમાં રોજબરોજ વરસાદી વાદળોના ઘેરાવ વચ્ચે વરસાદ માત્ર છાંટણા વરસાવી હાજરી પુરાવી વિદાય લઈ લેતા ગાંધીનગરાઓ ધોધમાર વરસાદની વાટે છે. ચોમાસાની શરૂઆતના એક મહીનાના અંતે પણ શહેરમાં હજુ માંડ ૬ ઈંચ વરસાદ વરસ્યો છે. વરસાદ એકધારો વરસતો નથી પરંતુ ટપકે છે. આ સ્થિતિ વચ્ચે વરસાદી વાયરાના અંતે નગરજનો હજુ પણ આકરો બફારો વેઠી રહ્યા છે. ગઈકાલે પણ સાંજના સમયે આકરા ઉકળાટથી શહેરીજનો બેચેન બન્યા હતા જયારે ગઈકાલ સાંજથી આજે સાંજ સુધીમાં શહેરમાં માત્ર ૧૧ મી મી વરસાદ વરસ્યો હતો. જયારે સતત ભીંજારાના માહોલના લીધે નગરજનો વરસાદી સમસ્યાથી ત્રસ્ત બન્યા છે. શહેરમાં આજે વરસાદી વાતાવરણ વચ્ચે મહત્તમ તાપમાન ૩ ડીગ્રી ગગડયુ હતુ. અલબત્ત મહત્તમ તાપમાન ૨૭.૪ ડીગ્રી રહ્યુ હતુ જયારે લઘુત્તમ તાપમાન ૨૫.૫ ડીગ્રી નોંધાયુ છે. જયારે વાતાવરણમાં ભેજનુ પ્રમાણ પણ સવારે અને સાંજે ૯૦ થી ૯૮ ટકા જેટલા નોંધાયુ છે. મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચે માત્ર ૨ ડીગ્રીનો તફાવત જોવા મળે છે. સવારે વરસાદી ઝાપટના અંતે દિવસ દરમિયાન વરસાદી છાંટણા ચાલુ રહ્યા હતા જયારે મોડી સાંજે વરસાદનુ એક ઝાપટુ વરસ્યુ હતુ. શહેરમાં વરસાદી ઝાપટાના લીધે ઠેર ઠેર પાણી ભરાઈ ગયા હતા. સેકટરોના કોમન પ્લોટમાં પણ વરસાદી પાણી ભરાયા હતા જયારે ઠેર ઠેર કાદવ કિચ્ચડ વચ્ચે ગંદકીના દ્રશ્યો જોવા મળ્યા હતા. શહેરમાં વરસાદી દિવસો દરમિયાન પાણીની નવી લાઈન નાંખવાનુ કામ પણ ચાલી રહ્યુ છે ત્યારે ઠેર ઠેર ખોદકામના લીધે પણ માટીના ઢગ ખડકાયા છે. જેથી ટ્રાફિક સિનારીયો પણ બદલાયો છે જે વરસાદી ઋતુમાં માર્ગ સલામતી માટે જોખમી બન્યો છે. ખોદકામના લીધે સેકટરોમાં વરસાદી દિવસોમાં માટી પોલાણ થવાના કિસ્સા પણ વધ્યા છે.

## રાહતની લાગણી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લામાં આજે સવારના ૬ વાગ્યા સુધીમાં જિલ્લામાં ચોમાસાની સિઝનનો નોંધાતા ૭૬૦ મી.મી. વરસાદની સામે જિલ્લામાં ૧૯૭ મી.મી. વરસાદ થયો હતો. જેમાં દહેગામમાં ૨૨૮ મી.મી., ગાંધીનગરમાં ૧૨૬ મી.મી., કલોલમાં ૨૧૫ મી.મી. અને માણસામાં ૨૨૦ મી.મી. વરસાદ નોંધાયો છે. જિલ્લામાં ટકાવારીના સાપેક્ષમાં ૨૬ ટકા જેટલો વરસાદ સવારના ૬ વાગ્યા સુધીમાં નોંધાયો હતો.

## કોરોના વિસ્ફોટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરમાં કોરોના વિસ્તરી રહ્યો હોવાથી તંત્રએ સઘન સર્વેલન્સ માટે તાકીદ કરી છે. આ ઉપરાંત ટેસ્ટીંગનું પ્રમાણ વધારવા માટે તેમજ જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા તાકીદ કરી છે.

શહેરમાં આજે કુડાસણ અને સે. ૨૨માં નોંધાયેલા દર્દીઓને સઘન સારવારની જરૂરિયાત જણાતાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે બે દર્દીઓને અને ગ્રામ્ય વિસ્તારમાં એક દર્દી એમ ત્રણ દર્દીઓને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવતાં તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં આજે નોંધાયેલા દર્દીઓ સાથે હાલ ૧૬૮ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. મોટા ભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા તાકીદ કરી છે.

## સુરસુરિયું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જેના અંતે તપાસ કરતા તંત્રના અધિકારીઓએ પણ માથુ ખંજવાળવાનો વારો આવ્યો છે. સરકારી આવાસોની ફાળવણી કરવામાં આવ્યા બાદ લાભાર્થીઓ કે કર્મચારી અધિકારીઓ અન્ય વ્યકિતને આવાસ રહેવા આપવા તેમજ પેટાભાડુઆતોને આપી દેવાના મામલે બિન્દાસ્ત બન્યા હોવાનુ પણ સ્પષ્ટ થયુ છે. જો કે આ સ્થિતિ વચ્ચે સરકારની પ્રતિક્ષા યાદીમાં સમાવિષ્ટ કર્મચારી કે અધિકારીને અન્યાય થઈ રહ્યો છે. સે-૬ માં નવી સરકારી આવાસ યોજનામાં તંત્રના અધિકારીઓને સાથે રાખીને સવારે આકસ્મિક તપાસ દરમિયાન મુળ લાભાર્થીઓએ અન્યને મકાન રહેવા માટે આપ્યુ હોય તેવા ૧૨ કિસ્સા ધ્યાને આવ્યા હતા. જેમાં મુખ્યમંત્રીની સુરક્ષાના અધિકારી તેમજ કૃષિ મંત્રીના કાર્યાલયમાં પી એ તરીકે ફરજ બજાવતા અધિકારીનો સમાવેશ પણ થાય છે. આ મામલે પાટનગર યોજના વિભાગ કક્ષાએથી હાથ ધરાયેલી ઝુંબેશનુ પણ અસરકારક પરિણામ મળ્યુ હતુ. જયારે લાભાર્થી સિવાયના પેટાભાડુઆતો પકડાયા હતા જયારે સે-૬ ની વીર ભગતસિંહ નગરમાં ૩૦ મકાનો ખાલી હોવાનુ પણ ધ્યાને આવ્યુ હતુ. જયારે આ દરમિયાન તંત્રએ પણ આગામી દિવસોમાં સેકટરોમાં આ ઝુંબેશ ચાલુ રાખવા પણ નિર્ણય કરાયો હતો જો કે વિભાગમાં આ મામલે એવો પણ ગણગણાટ થઈ રહ્યો છે કે પ્રથમ તપાસ દરમિયાન જ મહાનુભાવોના કાર્યાલયમાં નોકરી કરતા લાભાર્થીઓ પકડતા સરકારની આબરૂને ઠેસ પહોંચે તેવી સ્થિતિ સર્જાઈ છે. જેના લીધે તપાસ કરનાર તંત્રના અધિકારીઓ પણ મુંઝવણમાં મુકાયા છે. જેના લીધે સેકટરોના અન્ય મકાનોમાં પેટાભાડુઆતના મામલે તપાસનો દૌર અટકી ગયો હોવાનુ પણ મનાઈ રહ્યુ છે. શહેરમાં એકબાજુ રહેણાંકને લાયક સરકારી આવાસો ઉપલબ્ધ નથી જયારે જોખમી મકાનોની સંખ્યા પણ વધુ છે. આ સ્થિતિ વચ્ચે રહેણાંકને લાયક મકાનો તેમજ નવા આવાસોમાં પણ અનઅધિકૃત કબજેદારાની સંખ્યા વધુ હોવાની ફરિયાદો વધતા તંત્રએ આ મામલે ત્વરિત ઝુંબેશ હાથ ધરી સરકારના ચોપડે આવાસ માટે પ્રતિક્ષા યાદીમાં મુકાયેલા અરજદારોને ન્યાય મળે તે દિશામાં પગલા લેવા જોઈએ તેવી પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

## યુવા વિધાનસભા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગૌત્તમ દવેની પસંદગી કરવામાં આવી છે. આ યુવા પોલીટીકલ સાયન્સ સાથે હાલ અભ્યાસ કરી રહ્યો છે.

રાજ્ય મંત્રીમંડળની પણ રચના કરવામાં આવી છે તેમાં કુટિર ઉદ્યોગમંત્રી તરીકે માધવી દવેની પસંદગી કરવામાં આવી છે તે પણ ગાંધીનગરની કોલેજમાં અભ્યાસ કરી રહી છે.

મુખ્યમંત્રી તરીકે પસંદગી પામેલ રોહન રાવલના ૬ પ્રકારના ઈન્ટરવ્યુ કરવામાં આવ્યા હતા. વિપક્ષના નેતા ગૌત્તમ દવેએ જણાવ્યુ છે કે અસરકારક અને આક્રમકતા સાથે પ્રજાની પીડાને વિપક્ષ અભિવ્યક્ત કરશે.

વિકાસ રાજવંશીએ જણાવ્યુ હતુ કે રાજ્યની ૩૫૦૦ જેટલી શાળાઓને પાંચ ઝોનમાં વહેંચી પસંદગી કરવામાં આવી છે. ૩૯૦ જેટલી શાળા-સંચાલકોએ પોતાના વિદ્યાર્થીઓને મોકલવા માટે તૈયારી દર્શાવી હતી. વિદ્યાર્થીઓની પસંદગી બે મહિના કરતાં પણ વધુ સમય સુધી ચાલી હોવાનું તેમણે વાતચીતમાં કહ્યુ હતુ.

વિધાનસભાના અધ્યક્ષા તરીકે વડોદરાના મિશ્રી શાહની પસંદગી કરવામાં આવી છે. અમદાવાદ, અમરેલી, વડોદરા, ગાંધીનગર, રાજકોટ, સુરેન્દ્રનગર જિલ્લાના ૧૬ જેટલા વિદ્યાર્થીઓનું મંત્રીમંડળ બનાવવામાં આવ્યુ છે.

વિધાનસભાના અધ્યક્ષા તરીકે વડોદરાની નવરચના ઈન્ટરનેશનલ સ્કૂલની વિદ્યાર્થીની મિશ્રી શાહે જણાવ્યુ છે કે વિધાનસભાનું સત્ર ૨૧મીએ મળશે જેમાં પ્રશ્નોત્તરી હશે, બજેટ પરની ચર્ચા હશે, સંકલ્પ પણ રજૂ કરાશે એટલુ જ નહિ એક વિધેયક પણ ચર્ચા માટે રજુ કરી પસાર કરાશે.

સ્કૂલ પોષ્ટના રાજવંશીના જણાવ્યા પ્રમાણે ધારાસભ્યો તરીકે અમદાવાદના ૬૩, ગાંધીનગરના ૨૧, વડોદરાના ૧૪, અમરેલીના ૭, જામનગરના ૪, રાજકોટના ૩૯, સુરતના ૧૬, કચ્છના ૧૦, ગોંડલના ૫, આમંદ-મહેસાણા અને નડિયાદના એક-એક વિદ્યાર્થીની પસંદગી કરવામાં આવી છે.

વિધાનસભાના અધ્યક્ષા નીમાબેન આચાર્યએ ગાંધીનગર સમાચારને જણાવ્યુ હતુ કે આ યુવાઓને તાલિમ આપવામાં આવી છે. આ યુવાઓને અમે તાલિમ માત્ર સંસદીય બાબતોની જ નહિ પણ લોકશાહી, લોકશાહીમાં પ્રજાના પ્રતિનિધિનું મહત્વ, વિસ્તારના પ્રશ્નોની રજૂઆત કેવી રીતે થઈ શકે તે બધી જ બાબતોને આવરી લઈ તાલીમ આપી છે.

આ તદ્દન નવતર અભિગમ છે પણ યુવાઓને કેન્દ્રમાં રાખી યુવા વિકાસના ધ્યેયને મજબૂત બનાવવાનો આશય આ પાછળ રહેલો છે.

યુવા વિધાનસભામાં સ્પોર્ટસ યુનિ.ને લગતુ વિધેયક આવશે તો બજેટ પર ચર્ચા થશે અને બિન સરકારી સંકલ્પ પણ રજૂ કરી ચર્ચા કરાશે. સવારે નવ વાગ્યાથી આ સત્રનો પ્રારંભ થશે જે સાંજે પાંચ વાગ્યા સુધી ચાલશે.

વિકાસ રાજવંશીએ જણાવ્યુ હતુ કે પહેલાં તરૂણ અભિવાદનના કાર્યક્રમોનું આયોજન કરી સંસદીય પ્રણાલિમાં મતદાતાનું મહત્વ સમજાવવામાં આવતુ હતુ. અમે અને વિધાનસભાએ નવતર અભિગમના ભાગરૂપે સંસદીય પ્રણાલિ, તેમજ તેની કાર્ય પદ્ધતિમાં યુવાઓને ભાગીદાર બનાવી સક્રિય કરવાનો પ્રયાસ કર્યો છે.

અધ્યક્ષા ડૉ. નીમાબેન આચાર્યએ કહ્યુ હતુ કે યુવાઓમાં નેતૃત્વના ગુણો વિકસે એટલુ જ નહિ ગુજરાતની આદર્શ સંસદીય પરંપરાઓથી પણ તેઓ પરિચિત થાય તે હેતુ પણ યુવા વિધાનસભાના આયોજનમાં રહેલો છે.

## કચડી નાખ્યા

● અનુસંધાન પહેલાનું ચાલુ

સાગરીતોએ તેમના પર ડમ્પર ચઢાવી દીધું અને ફરાર થઈ ગયા હતા. જે બાદ ડીએસપી સુરેન્દ્ર સિંહનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. ડીએસપી સુરેન્દ્ર સિંહ આ વર્ષે જ રિટાયર્ડ થવાના હતા.

હરિયાણાના એડીજી લો એન્ડ ઓર્ડર સંદિપ ખિરવારનું કહેવું છે કે, અમને બપોરે બાર વાગે સૂચના માળી હતી. આ મામલે અમે સખત કાર્યવાહી કરીશું. ગુનેગારોને પકડવા માટે હરિયાણા પોલીસની ટીમે ચક્રો ગતિમાન કર્યા છે. જનતામાં કાયદાનો વિશ્વાસ તૂટવા નહીં દઈએ. ગુનેગારો વિરુદ્ધ સખતમાં સખત કાર્યવાહી કરવામાં આવશે. ગેરકાયદે ખનન વિરુદ્ધ અમારી કાર્યવાહી ચાલી રહી છે. તો સૂત્રો દ્વારા પ્રાપ્ત જાણકારી મુજબ, હત્યાના સમયે ખાણ માફિયાઓના પાંચથી છ સાગરીતો હાજર હોવાની જાણકારી સામે આવી છે. નૂંહમાં ડીએસપી સુરેન્દ્ર સિંહની હત્યા મામલે ગૃહ મંત્રી અનિલ વીજનું મોટુ નિવેદન સામે આવ્યું છે. અનિલ વીજે કહ્યું કે, મેં કાર્યવાહી કરવા માટે આદેશ આપી દીધા છે. જેટલી ફોર્સ લગાવવી પડે એટલી લગાવીશું. આસપાસના જિલ્લાની ફોર્સ પણ લગાવવાની જરુર પડી તો લગાવીશું. ખાણ માફિયાઓને કોઈ પણ કિંમતે બક્ષવામાં નહીં આવે.

ડીએસપી સુરેન્દ્ર સિંહ ૧૯૯૪માં હરિયાણા પોલીસમાં આસિસ્ટન્ટ સબ ઈન્સપેક્ટર તરીકે ભરતી થયા હતા. તેઓ કુરુક્ષેત્રમાં પરિવાર સાથે રહે છે. તેઓ મૂળ હિસાર જિલ્લાના સારંગપુર ગામના રહેવાસી છે. તેઓ આ વર્ષે જ રિટાયર્ડ થવાના હતા. સુરેન્દ્ર સિંહને બે બાળકો છે. એક દીકરી બેંગાલુરુમાં બેકમાં ઓફિસર છે. દીકરો કેનેડામાં અભ્યાસ કરી રહ્યો છે. નાનો ભાઈ અશોક કો ઓપરેટિવ બેંકમાં ઓફિસર છે.

## ધોધમાર વરસાદ

● અનુસંધાન પહેલાનું ચાલુ

જ્યારે સૌથી ઓછો વરસાદ નોર્થ વેસ્ટ ઝોનમાં આવતા બોડકદેવ, સાયન્સ સિટી, ગોતા અને ચાંદલોડિયામાં પડ્યો છે. શહેરમાં આ સીઝનમાં અત્યારસુધી ૧૮ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે, જે સમગ્ર સીઝનના ૬૦ ટકા જેટલો થાય છે. જેમાં સૌથી વધુ વરસાદ પશ્ચિમ અમદાવાદમાં ૨૩.૭૭ ઈંચ નોંધાયો છે. આજ સવારથી જ ઉત્તર અને મધ્ય ગુજરાતમાં પણ વરસાદનું જોર જોવા મળી રહ્યું છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ગણતરીના કલાકોમાં જ સાબરકાંઠાના પોશિનામાં ૨ ઈંચ, ખેડાના મહેમદાવાદમાં ૨ ઈંચ, કડાણા, અરવલ્લી અને ઈડરમાં ૨ ઈંચ જેટલો વરસાદ પડી ચૂક્યો છે.

અત્યારસુધી સૌરાષ્ટ્ર, કચ્છમાં પણ ધોધમાર વરસાદ પડી ચૂક્યો છે, પરંતુ આગામી ૨૪ કલાકમાં અહીં ભારે વરસાદની શક્યતા ઓછી છે. બનાસકાંઠા, પાટણ, મહેસાણા સહિતના ઉત્તર ગુજરાતના જિલ્લા તેમજ ખેડા, આણંદ, મહિસાગર, વડોદરા સહિતના મધ્ય ગુજરાતના જિલ્લામાં વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. આગામી સાત દિવસ સુધી રાજ્યમાં વરસાદી માહોલ જળવાયેલો રહેશે, પરંતુ આગામી ૨૪ કલાકને બાદ કરતા ભારે વરસાદની શક્યતા ઘણી ઓછી છે.